# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેક્નીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/યોગ/૨૦૧૯/૪૨૯૮૪ તા. ૧૯/૦૬/૨૦૧૯

**પરિપત્ર-** ૮૫૨

વિષય : તા.૨૧/૦૬/૨૦૧૯ આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૭/૦૬/૨૦૧૯ નો પત્ર

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થોના આચાર્યશ્રીઓ/પી.જી. ઇન્ચાર્જશ્રીઓ/વડાશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની દેન એવી યોગવિદ્યા વૈશ્વિક સ્તર પર સ્વીકૃતિ પામેલ છે. તદ્દ અનુસાર પ્રતિ વર્ષે ૨૧મી જુનને "વિશ્વ યોગ દિન" તરીકે ઉજવવાનું નિયત કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ આગામી તા.૨૧/૦૬/૨૦૧૯ સુધી આપની કોલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્ર/સંસ્થા ખાતે તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સ્ટાફ માટે યોગાઅભ્યાસનું આયોજન કરવા તેમજ તા. ૨૧/૦૬/૨૦૧૯ ના રોજ "વિશ્વ યોગ દિવસ-૨૦૧૯" નું પ્રોટોકોલ અનુસાર આયોજન કરવા અને વધુમાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આમાં જોડાય તેવા પ્રયત્નો કરવા, તેમજ આ કાર્યક્રમ અંગેની આંકડાકીય માહિતી અને ફોટોગ્રાફ સહિતનો અહેવાલ સંદર્ભ દર્શિત પત્રની વિગતે ઓનલાઈન તથા હાર્ડકોપીમાં KCG ને મોકલી આપવા તથા તેની નકલ યુનિવર્સિટીને બિનચૂક મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા.

બિડાણ : સંદર્ભ દર્શિત પત્ર

પ્રતિ.
- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના:
- અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક નં.૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.
- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, બ્લોક નં.૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એડવાઇઝરશ્રી, કે.સી.જી., અમદાવાદ.

ક્રમાંક:ઉ.શિ.ક./કેસીજી/યોગ/૨૦૧૯/૯૪૦૯૭ ૯૪૫૧
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા.૧૭/૦૬/૨૦૧૯

પ્રતિ,

(૧) રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સીટી (સરકારી અને ખાનગી),
ગુજરાત રાજ્ય.

(૨) આચાર્યશ્રી,
રાજ્યની તમામ કોલેજો (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર),
ગુજરાત રાજ્ય.

વિષય: તા.૨૧/૦૬/૨૦૧૯ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા બાબત.

શ્રીમાન,

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ વિદ્યા યોગને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરવામાં આવેલ છે, તેમજ પ્રતિ વર્ષ ૨૧ જુનને "વૈશ્વિક યોગ દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા યોગ વિદ્યાની મૂળભૂમિ ભારત દેશમાં આ દિવસે દરેક ગામમાં અને શહેરમાં વિવિધ સ્થળોએ યોગ અંગેના વિરાટ અને વિસ્તૃત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. તેમજ રાજ્ય સરકારે પણ ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે.

આ યોગા દિવસની ઉજવણી માટે તા.૨૧/૦૬/૨૦૧૯ સુધીમાં કોલેજ અને યુનિવર્સીટી કક્ષાએ તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સ્ટાફ માટે યોગાભ્યાસ અંગેની તાલીમનું આયોજન કરવાનું રહેશે.

તા.૨૧ જુન "વૈશ્વિક યોગ દિવસ"નાં તમામ કોલેજો અને યુનિવર્સીટીઓમાં યોગ નિદર્શન કાર્યક્રમ આયોજીત કરવાના રહેશે. આ ઉજવણી માટે "AYUSH" દ્વારા પ્રસારિત કરવામાં આવેલ Common Yoga Protocolનું પુસ્તક અને વિડીયો સી.ડી. માર્ગદર્શિકા પ્રમાણે જ તમામ સ્તરે યોગનું નિદર્શન કરવાનું રહેશે. યોગ નિદર્શનમાં ભાગ લેતા નાગરિકો તથા વિદ્યાર્થીઓ માટે ડ્રેસકોડ તરીકે સફેદ હળવા વસ્ત્રો રહે તેવું ઇચ્છનીય છે તેમ છતા યોગાસનો કરવા માટે અનુકૂળ વસ્ત્રો હોય તે સૂચિત કરવાનું રહેશે. કોલેજો માટે પ્રિન્સિપાલશ્રી, નોડલ અધિકારી તેમજ અધ્યાપકશ્રીને સહ નોડલ અધિકારી તરીકે તેમજ યુનિવર્સીટી કક્ષાએ પણ રજીસ્ટ્રારશ્રી નોડલ અધિકારી તરીકે તેમજ યુનિવર્સીટીનાં અન્ય અધિકારીશ્રીને સહ નોડલ અધિકારી નિયુક્ત કરવાના રહેશે. નોડલ અધિકારીશ્રીએ આ યોગ દિવસની ઉજવણી નિર્ધારિત રીતે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

રાજ્યની તમામ કોલેજો તથા યુનિવર્સીટીઓએ પોતાની સંસ્થામાં ૨૧મી જુને યોગા દિવસની ઉજવણી માટે આયોજીત કરેલ કાર્યક્રમની આંકડાકીય માહિતી તા.૨૧/૦૬/૨૦૧૯નાં સવારના ૧૦:૦૦ કલાક સુધીમાં

https://forms.gle/Z6RUsQeHAmLCX8q2A લીંકમાં આપવાની થાય છે અને આ સાથે સામેલ પત્રકની માહિતી અને આ આયોજીત કાર્યક્રમનાં સારી ગુણવત્તાનાં રંગીન ફોટોગ્રાફ્સ દર્શાવતો અહેવાલ A૪ સાઈઝ ના કાગળમાં કલર કોપી કરાવી (છુટ્ટા ફોટોગ્રાફ મોકલવા નહિ) તા.૨૪/૦૬/૨૦૧૯ સુધીમાં ડો.યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્ષ્ટેન્શન, કેસીજી, અમદાવાદ ટપાલથી મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

(એલ. પી. પાડલીયા)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારું:

(૧) અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૨) કુલપતિશ્રી, રાજ્યની તમામ યુનિવર્સીટીઓ
(૨) કમિશ્નરશ્રી ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગાંધીનગર
(3) કલેક્ટરશ્રી, તમામ જીલ્લા, ગુજરાત રાજ્ય
(૪) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય
(૬) સી.ઈ.ઓ, કેસીજી, અમદાવાદ
(૬) એડવાઇઝરશ્રી, કેસીજી, અમદાવાદ
(૭) ડો. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્ષ્ટેન્શન, કે.સી.જી, અમદાવાદ(કાર્યવાહી અને અમલ અર્થે)

બીડાણ:

- પત્રક - યોગ દિવસની ઉજવણીની આંકડાકીય માહિતી

## તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ યોગ દિવસની ઉજવણીની આંકડાકીય માહિતી

| | | |
|---|---|---|
| કોલેજનું નામ | | |
| કોલેજનું સરનામું | | |
| જીલ્લો | | |
| આચાર્યશ્રીનું નામ અને ફોન નંબર | | |
| સંલગ્ન યુનિવર્સીટીનું નામ | | |
| કોલેજનો દરજ્જો | સરકારી/ અનુદાનિત/ સ્વ-નિર્ભર | |
| વિદ્યા શાખા | આર્ટ્સ/ કોમર્સ/ સાયન્સ/ લો/ કાયદો/ મેડિકલ/ ટેકનિકલ/ ફાર્મસી/ પેરામેડિકલ/ અન્ય | |

## તા.૧૮/૦૬/૨૦૧૯ થી તા.૨૦/૦૬/૨૦૧૯ના રોજ આયોજીત તાલીમની વિગતો

### ભાગ લેનારની સંખ્યા દર્શાવતુ પત્રક

| તારીખ | વિદ્યાર્થીઓ | | | આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓ | | | વહીવટી સ્ટાફ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| ૧૮/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |
| ૧૯/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |
| ૨૦/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |

## તા.૨૧/૦૬/૨૦૧૮ ના રોજ આયોજીત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની વિગતો

### ભાગ લેનારની સંખ્યા દર્શાવતુ પત્રક

| તારીખ | વિદ્યાર્થીઓ | | | આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓ | | | વહીવટી સ્ટાફ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| ૨૧/૦૬/૨૦૧૮ | | | | | | | | | | | | |

કોલેજનો રાઉન્ડ સિક્કો

આચાર્યશ્રીનું નામ, સહી/સિક્કો

*નોંધ: આ પત્રક અને આ આયોજીત કાર્યક્રમનાં સારી ગુણવત્તાનાં રંગીન ફોટોગ્રાફ્સ દર્શાવતો અહેવાલ A૪ સાઈઝ ના કાગળમાં કલર કોપી કરાવી (છુટ્ટા ફોટોગ્રાફ મોકલવા નહિ) ડૉ.યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્ષ્ટેન્શન, કેસીજી, અમદાવાદને ટપાલથી મોકલી આપવા જણાવવામાં આવે છે.*